ભારતીય રિઝર્વ બેંક/2006-2007/214
ડીબીઓડી.નં.એલઈજી.બીસી.49/09.07.005/2006-07

18 ડિસેમ્બર, 2006

પ્રતિ,
તમામ અનુસૂચિત વાણિજ્યિક બેંકો
(પ્રાદેશિક ગ્રામીણ બેંકો સિવાય)

મહાશય,

**ચેક નાખવાની પેટીની સગવડ તથા ચેકની પહોંચ આપવા માટેની સગવડ**

અમારો તા.10 એપ્રિલ, 2004 નો પરિપત્ર નં.ડીબીઓડી.નં.એલઈજી.બીસી.74/09.07.005 /2003-04, જોવા વિનંતી. તેમાં બેંકોને ચેક નાખવાની પેટી અને ચેક મળ્યાની પહોંચ આપવાની એવી બંને સગવડ ગ્રાહકોને નિયમસર સ્વીકાર્ય કાઉન્ટર પર ઉપલભ્ય બનાવવી જોઈએ અને કોઈ ગ્રાહક કાઉન્ટર પર ચેક રજૂ કરે તો કોઈ શાખાએ પહોંચ આપવાનો ઈનકાર કરવો ન જોઈએ તેવી સલાહ આપવામાં આવી હતી.

2. ઘણી બેંક શાખાઓ કાઉન્ટર પર ચેકો સ્વીકારતી નથી અને ચેક નાખવાની પેટીમાં ચેક નાખવાની ફરજ પાડે છે તેવી ફરિયાદો ભારતીય રિઝર્વ બેંક / બેંકિંગ ઓમ્બડસ્મેનને મળી રહી છે. તેથી બેંકોને ઉપરના પરિપત્રમાં આપેલી સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા અને ગ્રાહકોને ચેક નાખવાની પેટીમાં ચેકો નાખવાની ફરજ પાડવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા સલાહ આપવામાં આવે છે.

3. આ સંદર્ભમાં, ચેક નાખવાની પેટીમાં ચેક નાખવો અથવા કાઉન્ટર પર રજૂ કરવો એ બંને વિકલ્પો ઉપલભ્ય હોવા અંગે ગ્રાહકોને વાકેફ કરવામાં આવે તે જરૂરી છે, જેથી કરીને તેઓ આ અંગે જાણ પ્રમાણેનો નિર્ણય લઈ શકે. તેથી બેંકોને અનિવાર્યપણે ચેક નાખવાની પેટી પર જ નીચે મુજબ પ્રદર્શિત કરવા સલાહ આપવામાં આવે છે કે -

"ગ્રાહકો કાઉન્ટર પર ચેકો રજૂ કરી શકે છે અને પે-ઈન-સ્લીપ પર પહોંચ મેળવી શકે છે." ઉપરનો સંદેશો અંગ્રેજી, હિંદી અને રાજયની સંબંધિત પ્રાદેશિક ભાષામાં પ્રદર્શિત કરી શકાય.

4. પત્ર મળ્યાની પહોંચ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(પ્રશાંત શરણ)
પ્રભારી મુખ્ય મહાપ્રબંધક